દિપડાનો આતંક - રાજેન્દ્રનગરના જંગલમાં દિપડાને પકડવા મારણ સાથે પાંજરૂ ગોઠવાયું

વન વિભાગની ટીમ દ્વારા રાત્રિ પેટ્રોલીંગ : પશુના મારણ બાદ વન વિભાગ એક્શનમાં

બાયડ, તા. ૧૦

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરના જંગલ વિસ્તારમાંથી ત્રાટકેલા દિપડાએ પશુપાલકના તબેલામાંથી પશુને ખેંચી મારણ કર્યા બાદ વન વિભાગ એક્શનમાં આવ્યું છે. રાયગઢ ફોરેસ્ટર દ્વારા પશુપાલકની રજૂઆત પછી તાબડતોબ જંગલ વિસ્તારમાં દિપડાને પકડવા માટે બકરાના મારણ સાથે પાંજરૂ ગોઠવી દેવાયું છે. જ્યારે દિપડાનું બદલાતું લોકેશન જાણવા માટે વિભાગ દ્વારા બીટગાર્ડ, ચોકીદાર સહિતની ટીમો દ્વારા આ વિસ્તારમાં રાત્રિ પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું છે.

છેલ્લા ઘણા સમયથી રાજેન્દ્રનગરના જંગલ વિસ્તારમાં દિપડાની હાજરી જોવા મળે છે. ગાઢ જંગલમાં વસવાટ કરતા દિપડાથી હમણાં સુધી સ્થાનિક પશુપાલકો અને ખેડૂતોને કોઈ ચિંતા ન હતી પરંતુ હમણાંથી પશુપાલકોના તબેલા સુધી દિપડો આવી પશુઓનું મારણ કરે છે જેના કારણે ભયનો માહોલ છે. ગતરોજ રાકેશભાઈ પટેલના તબેલામાંથી દિપડાએ પાડીનું મારણ કરતાં વન વિભાગનું ધ્યાન દોરવામાં આવ્યું. રાયગઢ ફોરેસ્ટર તાત્કાલિક દિપડો ડોકાયો હતો તે વિસ્તારમાં ટીમો દ્વારા પેટ્રોલીંગ શરૂ કરાવ્યું જેમાં જંગલ વિસ્તારમાંથી દિપડાએ શિકાર કરેલ પાડીના અવશેષો મળી આવતાં દિપડો ત્રાટક્યો હોવાની ખાત્રી થતાં જ પાંજરે પૂરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી જેમાં બકરા સાથેનું મારણ મૂકી જંગલ વિસ્તારમાં વન વિભાગની ટીમોએ પાંજરૂ ગોઠવ્યું છે.

પાંજરૂ મુકવાની સાથે રાત્રિ પેટ્રોલીંગ શરૂ કરાયું છે : ફોરેસ્ટર

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરના જંગલમાં દિપડાનો આતંક જોવા મળ્યો. દિપડાએ પાડીને ઉઠાવી જઈ જંગલમાં શિકાર કર્યો છે. રાઉન્ડ ફોરેસ્ટર કનુભાઈ પરમારે જણાવ્યું કે વન વિભાગ દ્વારા તાત્કાલિક જંગલ વિસ્તારમાં મારણ સાથે પાંજરૂ ગોઠવ્યું છે. દિપડાની હાજરી સતત બદલાતી હોવાથી ટીમો દ્વારા જંગલ વિસ્તારમાં રાત્રિ પેટ્રોલીંગ પણ શરૂ કરવામાં આવ્યું છે.

૧૦ કી.મી.ના ઘેરાવામાં દિપડાની દહેશત, પેઢમાલામાં દિપડાએ ગાય પર હુમલો કરતાં તંગ દોડ્યું

હિંમતનગરના રાજેન્દ્રનગરના જંગલ વિસ્તારમાં દિપડાનો આતંક જોવા મળ્યા પછી જંગલ વિસ્તારથી ૧૦ કી.મી.ના ઘેરાવામાં દહેશતનો માહોલ છે. ગત રોજ દિપડાએ પેઢમાલા ગામે ગાય ઉપર હિંસક હુમલો કરતાં ભયનો માહોલ ઉભો થયો છે. ખેતરમાં સિંચાઈનાં પાણી વાળતા ખેડૂતની હાજરી છતાં દિપડો ત્રાટક્યો હોવાથી વન વિભાગ દોડતું થયું છે.

કોલ્ડ સ્ટોરેજના ભાડા ઘટાડવા કિસાન સંઘની માંગ....

ડીસા નાયબ કલેકટરને આવેદનપત્ર આપી ભાડું પરત ખેંચવા માંગ કરી

ડીસા, તા.૧૦

બનાસકાંઠા ના ખેડૂતો એ કોલ્ડ સ્ટોરેજ ના વધતા ભાડા ને લઈને નાયબ કલેકટર ને આવેદનપત્ર પાઠવેલ.જોકે ભાડું ન ઘટે તો આંદોલન ની ચીમકી ઉચ્ચારી હતી. બનાસકાંઠામાં કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન ને બટાટા ના ભાડા માં કિલો એ ૨૦ પૈસા નો વધારો કરતા ખેડૂતો પર રૂ ૩૦ કરોડ નો બીજો વધતા ખેડૂતો માં રોષ ફેલાયો છે.ત્યારે બનાસકાંઠા કિસાન સંઘ એ કોલ્ડસ્ટોરેજ એસોસિએશન ને રજુઆત કર્યા બાદ આજે ડીસા નાયબ કલેકટર કચેરી કિસાન સંઘ ના આગેવાનો પહોંચ્યા હતા અને નાયબ કલેકટર કચેરી ના સીરીસ્તેદાર ને આવેદનપત્ર આપી ભાડું ઘટાડવા ની માંગ કરી હતી.જોકે આ બાબતે કિસાન સંઘ ના આગેવાન મોહનભાઈ માળી એ જણાવ્યું હતું કે કોલ્ડસ્ટોરેજ એસોસિએશન ને રજુઆત બાદ પણ ભાડા વધારો પરત ખેંચાયો નથી ત્યારે સરકાર રસ રાખવી ભાડું ઘટાડવા ખેડુતો ની વ્હારે આવે તેવી માંગ છે. ચાલુ સાલે રાસાયણિક ખાતર ન મળતા ખેડુતો બ્લેક માં ઉંચા ભાવે ખાતર લાવી વાવેતર કર્યું અને હવે બટાટા ના ખોદકામ સમયે ભાવ ન મળતા સ્ટોરેજ માં મુકવાની નોબત છે ત્યારે સ્ટોરેજ ના સંચાલકો એ ભાડું વધારી દેતા ખેડૂતો ની સ્થિતિ કફોડી બની છે.ત્યારે કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન એ ખેડૂતો ના હિત માં નિર્ણય લઈ ભાડું વધારો પરત ખેંચે તેવી ખેડૂતો ની માંગ છે.

જન્મદિને વધામણી

અનિલભાઈ પટેલ
માલપુર જીલ્લો અરવલ્લી



વિનુભાઈ જેસીંગભાઇ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી

પ્રાંતિજના રૂપપુરામાં શ્રી ખોડીયાર માતાના મંદિરે પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રૂપપુરા ગામે આવેલ શ્રી ખોડીયાર માતાજીના મંદિરે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ શ્રી ખોડીયાર માતાજીના આઠમો પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામા આવી. પ્રાંતિજ તાલુકાના મોયદ પાસે આવેલ રૂપપુરા ગામે હાથમતી નદી કિનારે આવેલ ૫૦૭ વર્ષ પુરાણ શ્રી ખોડીયાર માતાના મંદિર ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મંદિર વ્યવસ્થાપકો દ્વારા મહાસુદ આઠમ જગત જનની માં ખોડીયાર ના પ્રાગટ્ય દિવસ ને લઈને મંદિર પરિષદમાં પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં હોમ-હવન સહિત ના કાર્યક્રમો યોજાયા હતાં તો રૂપપુરા, મોયદ, પીલુદા, માઢા સહિત પ્રાંતિજ તાલુકામાંથી ધર્મપ્રેમી લોકો ઉમટી પડ્યા હતાં તો માં ખોડીયાર ના દર્શન કરી હવન ના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી તો અહીં માતાજીમાં અખૂટ શ્રદ્ધા ધરાવતાં માઈ ભકતો ની મનોકામના , મનવાંછિત કામો માતાજી પૂર્ણ કરે છે તો મંદિર સંકુલ બહાર વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ યંત્ર યુગમાં પણ મેળો ભરાય છે પણ આ વર્ષે સરકાર ની ગાઈડ લાઈન તથા કોરોનાની મહામારી ને લઈને મંદિર વ્યવસ્થાપકો દ્વારા મેળો મોકુફ રાખવામા આવ્યો હતો તો જગતજનનીમાં ખોડીયાર ના પ્રાગટ્ય દિવસને લઈ ને કેક કાપી માના જન્મ દિવસની ઉજવણી કરી હતી તો ધર્મ પ્રેમી લોકોએ માતાજીના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી તો પ્રસાદ ના દાતા ભોગીલાલ મોતીલાલ પટેલ પરિવાર દ્વારા કરવામા આવ્યુ હતુ તો મંદિરના મહંત, અમીચંદભાઈ પટેલ, કેશુભાઈ પટેલ, નરેશભાઈ પટેલ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ગણપત યુનિવર્સિટી દ્વારા એચ.આર. લિડરશીપ કોન્કલેવનું વૈશ્વિક કક્ષાનું ઓનલાઈન આયોજન

મેઘમણિ ગ્રુપના નટુભાઈ પટેલથી માંડી ઓસ્ટ્રેલિયન એક્સપર્ટ પ્રો. જેમ્સ રોફ્ફી સહિત ૩૦૦ જેટલાં પ્રોફેશ્નલ્સ-વિદ્યાર્થીઓ જોડાયા

ગણપતવિદ્યાનગર, તા. ૧૦

"ઈન્ડસ્ટ્રી ઈન-સાઈડ ધી યુનિવર્સિટી-ઓપોર્ચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જીસ" - વિષય ઉપર તાજેતરમાં જ એક ઓનલાઈન "એચ.આર. લિડરશીપ" કોન્કલેવનું આયોજન ગણપત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

૨૧મી સદીમાં ભારતને આત્મનિર્ભર અને વિશ્વગુરૂ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુરૂપ એવા આ એચઆર લિડરશીપ કોન્કલેવમાં દેશ-વિદેશમાંથી ૩૦૦ જેટલા લોકો ઓનલાઈન જોડાયા હતા જેમાં સુખ્યાત કંપનીઓના સીઈઓ, બિઝનેસ લિડર્સ, એચઆર મેનેજર્સ, એચઆર એક્ઝિક્યુટિવ્સ, વિદ્વાન પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ગણપત યુનિવર્સિટીના પેટ્રેન-ઈન-ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પૂર્વ પ્રમુખ તેમજ મેઘમણિ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપના અધ્યક્ષ નટુભાઈ પટેલ, ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિમિટેડના પ્લાન્ટ-હેડ નિરજ અગ્રવાલ, જોહન્સન્સ કંટ્રોલ્સ-હિટાચી એરકન્ડિશનિંગના વાઈસ પ્રેસિ. રાજન જૈન, ગણપત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, યુનિ.ના વાઈસ ચાન્સેલર પ્રો.ડો. આર.કે. પટેલ, ડૉ. ગિરીશ પટેલ અને પ્લેસમેન્ટ ડિરેક્ટર ડૉ. કિશોર બારા સહિત અનેક સન્માનીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઓનલાઈન એચઆર કોન્કલેવનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.

પિરામલ ફાર્મા લિ., આઈઆર એમ એનર્જી પ્રા.લિ., ટાટા મોટર્સ, એચ.વાય.ફન ફૂડઝ, ડોવ કેમિકલ કંપની, એચ.આર. શેપર્સ, ઈ.ઈન્ફોચિપ્સ (એન એરો કંપની) શેલ્બી લિમિટેડ, એલ એન્ડ ટી એજ્યુ. ટેક, એચડીએફસી બેન્ક, નોકાપ્ટ એનાલિટિક્સ, ગ્રીન ગ્રસ લિમિટેડ અને મોર્ગન સ્ટેન્લી જેવી કંપનીઓના એચઆર નિષ્ણાતો દ્વારા કિ-નોટ એડ્રસ અને બે પેનલ-ડિસકશનમાં માનવ સંશાધન વ્યવસ્થાપનના વિવિધ પાસાંઓની વિષદ છણાવટ કરવામાં આવી હતી. જેમાં વિશેષ કરીને વિદ્યાર્થીઓના ક્લાસરૂમ નોલેજને કેવી રીતે વિવિધ ઉદ્યોગો અને વ્યાપારી સેવાઓની જરૂરિયાત પ્રમાણે કેળવવું અને તેમને 'જોબ-રેટ્રી' બનાવવા તેના વિષે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

પોતાના પ્રમુખીય વક્તવ્યમાં ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે જીવનના આદર્શ મૂલ્યો અને સિદ્ધાંતોને જે-તે વિષય-અભ્યાસક્રમોમાં સાંકળી લેવાની બાબત ઉપર ભાર મુક્યો હતો તો મેઘમણિ ગ્રુપના અધ્યક્ષ નટુભાઈ પટેલે કહ્યું કે ઉદ્યોગોને યોગ્ય માનવ સંસાધન સુલભ બનતા નથી તો યુનિવર્સિટીએ ઉદ્યોગ-ક્ષેત્ર સાથે મળીને યોગ્ય તાલિમ અને કૌશલ્ય સાથેના માણસો તૈયાર કરવા જોઈએ.

ગણપત યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને હાજી પ્રો.ડો. મહેન્દ્ર શર્માએ પણ જણાવ્યુ હતુ કે જે-તે ઉદ્યોગને અનુરૂપ પ્રતિભા ધરાવતા માનવ-સંશાધન મળવાની હાલ મુશ્કેલી પડે છે. એટલે માનવોના આંતર-સંબંધો અને નેતૃત્વની પ્રતિભા વિદ્યાર્થીઓમાં ખીલે તેવા પ્રયાસો થવા જોઈએ.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન

પ્રાંતિજના વડવાસામાં દુધ મંડળીમાં ઉચાપત થતાં સેક્રેટરી, ચેરમેન સામે પોલિસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વડવાસા ખાતે આવેલ ધી નવા વડવાસા દુધ ઉત્પાદક સહકારી મંડળી માં સેક્રેટરી તથા ચેરમેન દ્વારા ૧૦,૨૮,૬૭૧/૧૫ પૈસા ની ઉચાપત કરાતાં બન્ને વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ ના વડવાસા ખાતે આવેલ ધી નવા વડવાસા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી માં ફરજ બજાવતાં મહિલા સેક્રેટરી સીતાબેન ચંદુભાઈ પટેલ તથા ચેરમેન પટેલ અશોકભાઈ પોપટ ભાઈ પટેલ દ્વારા પોતાની ફરજ દરમ્યાન તા.૧।૪।૨૦૧૯ થી તા.૩૧।૩।૨૦૨૧ સુધી કુલ રૂપિયા-૧૦,૨૮,૬૭૧/૧૫ પૈસા ની હંગામી ઉચાપત કરી મંડળી સાથે વિશ્વાસ ઘાત કરી ગુનો કરતા એક બીજા ની મદત કરી ગુનો કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં આ અંગેની ફરીયાદ પટેલ અશોકભાઈ જોઈતાભાઈ ઉ.વર્ષ-૪૭ ધંધો ધરકામ તથા નવા વડવાસા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી કમીટી સભ્ય રહે.વડવાસા તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા દ્વારા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૪૦૮ ,૧૧૪ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરવામા આવી છે .

પ્રાંતિજના મજરા ખાતે અજાણ્યા વાહનની ટક્કરથી આધેડને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયા

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મજરા ગામની સીમ મા મજરા થી તાજપુર કુઈ તરફ જતા સર્વિસ રોડ ઉપર અજાણ્યા વાહન ચાલક ની ટક્કર થી રોડ ઉપર જઈ રહેલ તાજપુર કુઈ ના આધેડ ને ઈજાઓ પોહચતા ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા

પ્રાંતિજના મજરા ગામની સીમમા મજરાથી તાજપુર કુઈ જતા સર્વિસ રોડ ઉપર સાંજના સાડા સાતેક વાગ્યા ની આસપાસ તાજપુર કુઈ ખાતે રહેતા કેશાજી રામાજી ચૌહાણ ઉ.વર્ષ-૬૫ રહે. તાજપુર કુઈ, તા.પ્રાંતિજ, જિ. સાબરકાંઠા તેવો સર્વિસ રોડ ઉપર ચાલતા જતા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યો વાહન ચાલક ફુલફાસ્ટ પાછળ થી હંકારી લાવી પાછળ થી ટક્કર મારી રોડ ઉપર નીચે પાડી દઈ ઈજાઓ પોહચાડી ભાગી ગયો હતો તો ૧૦૮ મારફતે કેશાજી રામાજી ચૌહાણ ને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો તેવોને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા ડાબા પગે ગુંઠણથી ઉપર નળાના ભાગે ફેકચર થયુ હતુ અને શરીરે વત્તાઓછી ઈજાઓ પોહચી હતી તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ઈજાગ્રસ્ત કેશાજી રામાજી ચૌહાણ દ્વારા અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા આઈપીસીકલમ ૨૭૯,૩૩૭ તથા મોટર સાયકલ અધિનિયમ ૧૭૭,૧૯૪,૧૩૪ (b) મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી

ગેરકાયદેસર ઓવરલોડ રેતીનું વહન કરતા ૨ ડમ્પરને ઝડપી પાડ્યા

૨.૬૦ લાખની દંડકીય વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી

પાલનપુર તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના ભૂસ્તર વિભાગે ભૂમાફિયાઓ સામે લાલ આંખ કરી છે. પાલનપુરના ચિત્રાસણી નજીકથી સાદી રેતીના ઓવરલોડેડ ૨ ડમ્પરને ભૂસ્તર વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવ્યાં છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કેતેમજ ૨.૬૦ લાખની દંડકીય વસુલાત કરવાની કાર્યવાહી હાથ ધરી ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં ભૂસ્તર વિભાગ દ્વારા ખનિજચોરી ઝડપવામાં અનેક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ભૂસ્તરશાસ્ત્રી શુભાસ જોશીના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં તપાસ આદરવામાં આવી હતી. જેમાં જે દરમિયાન વાહન ચેકિંગ હાથ ધરી હતી તે સમયે પાલનપુરના ચિત્રાસણી પાસેથી બે ડમ્પરને રોકાવીને પૂછપરછ કરતાં રોયલ્ટી પાસ કરતા ૪.૫૦ મેટ્રિક ટન એક (GJ-08-U-3403)અને (GJ-06-zz-8623) નંબરની ગાડીમાં સાદીરેતી ગેરકાયદેસર રીતે ઝડપી પાડી ભુસ્તરશાસ્ત્રી ણી કચેરી ખાતે મુકવામાં આવ્યા છે.

ભૂસ્તર વિભાગ દ્વારા બે ટ્રક પકડી પાડીને ભૂસ્તર કચેરી ખસેડી ૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દંડકીય રકમ રૂપિયા ૨.૬૦ લાખની વસૂલાત કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આત્મનિર્ભર અર્થવ્યવસ્થા વિષય અંતર્ગત બનાસકાંઠા ભારતીય જનતા પાર્ટી દ્વારા વેપારીઓની બેઠક યોજાઈ

પાલનપુર તા.૧૦

આત્મનિર્ભર અર્થવ્યવસ્થા વિષય અંતર્ગત બનાસકાંઠા ભારતીય જનતા પાર્ટી દ્વારા બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ના હોલ પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. કેન્દ્રીય બજેટ વિશે વિસ્તૃત માહિતી માટે આ બેઠકમાં શહેર ના વેપારી તથા બુદ્ધિજીવી લોકોની બેઠક યોજાઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં સ્વાગત પ્રવચન શહેર ના અગ્રણી વેપારી અને ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ શિવરામભાઈ પટેલ એ કર્યુ હતુ. બજેટ વિશે જિલ્લા ભાજપ અગ્રણી ગીરીશભાઈ જગાણીયા દ્વારા માહિતી આપવામાં આવી હતી. તેમને જણાવ્યું હતું કે આગામી સમયમાં ભારત આત્મનિર્ભર બને તે માટે ભારતના સર્વાંગી વિકાસ માટે નું બજેટ હોવાનું જણાવ્યું હતું. પાલનપુર ના સી.એ પરાગભાઈ એ બજેટ આત્મનિર્ભર અર્થવ્યવસ્થા અંતર્ગત જણાવ્યું હતું કે સરકારે સિસ્ટમ સુધારવા માટે અને આધુનિક ભારત માટે હોવાનું જણાવ્યું હતું. અને ભારત વિશ્વ ગુરુ બને તે માટે ના કદમ હોવાનું જણાવ્યું હતું. સાથે સાથે બજેટ ના વિવિદ મુદ્દાઓ ઉપર ઝીણવટ ભરી છણાવટ કરી હતી.આ ઉપરાંત શહેરના અગ્રણી સી.એ મુળચંદભાઈ ખત્રી એ ટેકસેશન વિશે જણાવ્યું હતું.એમ.એસ.એમ.ઈ સેકટર માં અલગ અલગ પોર્ટલ નું એકજ પોર્ટલ માં મર્જ કરવામાં આવતા નવીન સાહસો અને ઉદ્યોગો ને ફાયદો થશે. સાથે નવા સ્ટાર્ટઅપ માટે બજેટ માં સારી જોગવાઈ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ કૈલાસભાઈ ગહલોત દ્વારા જણાવ્યું હતું કે આપણો દેશ આત્મનિર્ભર તરફ ગતિ કરવા માટે નું બજેટ છે. આવનાર સમય આ બજેટથી ખેડૂત, વેપારી અને ભારતદેશ નો વિકાસ થશે સાથે સાથે આ મીટીંગ ને સફળ બનાવવા માટે સર્વ આભાર માન્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના સરહદી નામ ગુંદરી નજીક બુકાની ધારીઓએ બંદૂકની અણીએ લૂંટ ચલાવી

સમગ્ર ઘટના સી.સી.ટી.વીમાં કેદ થઈ : પાંથાવાડા પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી

ધાનેરા તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં લૂંટની ઘટનાઓમાં વધારો થતો જણાઈ રહ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ત્યારે વધુ એક ઘટના સામે આવી છે જેમાં ગત રોજ ગુંદરી ચેકપોસ્ટ નજીક શિવમ ઓટો મોબાઈલ પરથી બંદૂકની અણીએ બૂકાની ધારી લૂંટારુઓએ લૂંટ ચલાવી હતી જોકે સમગ્ર ઘટના સી.સી.ટી.વી માં કેદ થતાં પાંથાવાડા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ગુંદરી નજીક શિવમ ઓટો મોબાઈલમાં ગતરોજ બુકાની ધારીઓએ લૂંટ ચલાવી હતી અને તે અંગે પાંથાવાડા પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવતાં પાંથાવાડા પોલીસે સમગ્ર મામલે ચકો ગતિમાન કર્યા હતા. ઉલ્લેખનીય છેકે થરાદ સાંચોર હાઈવે પર બોર્ડર નજીક થોડા સમય અગાઉ પણ એક પેટ્રોલ પંપ પર બુકાની ધારીઓએ લૂંટ ચલાવી હતી અને તે મામલે પણ પોલીસે તપાસ હાથ ધરી હતી જોકે આવા બેફામ બનેલ તત્વો ને જાણે હવે કોઈ પ્રકારનો ડર હોયજ નહીં એમ ખુલ્લેઆમ આવા ગુન્હાઓ કરી રહ્યા છે.

ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નં-૧નું ગૌરવ ત્રણ વિધાર્થીઓએ વધાર્યું

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા કક્ષાનો કલા ઉત્સવ તાજેતરમાં યોજાયો હતો.ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નંબર. ૧ ના ત્રણ વિધાર્થીઓ એ પ્રથમ નંબર પ્રાપ્ત કરતા આનંદની લાગણી પ્રસરી હતી.ભરત નાટ્યમ - નેહા ખારવા,ચિત્રકામ - સુનહરી બારીયા,નિબંધ સ્પર્ધા - યોગી ડામોર એ વિરાટ સિધ્ધિ હાંસલ કરતા ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નંબર .૧ ના આચાર્ય કાંતિલાલ પટેલ સહિત સ્ટાફ પરીવારે વિધાર્થીઓને બિરદાવ્યા હતા.